બાયડ સાઠંબા ભાજપના અગ્રણી કાર્યકર જયેન્દ્ર રાવલ અને રમોસ ગામના પ્રિતેશ પટેલને દબોચતી પોલીસ

જયેન્દ્ર રાવલે વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર પ્રસારમાં મુખ્ય જવાબદારી નિભાવી હતી : જીલ્લામાં બીજેપી ક્ષોભજનક સ્થિતિમાં : પકડાયેલા લોકો કૌભાંડના પ્યાદા

મોડાસા, તા. ૪

લોકરક્ષકદળ પરીક્ષાનું પેપર લીક થવાના કૌભાંડમાં ભાજપના બે કાર્યકરની સંડોવણી હોવાથી ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે દબોચી કૌભાંડનું પગેરું શોધવા દસ દિવસના રિમાન્ડ મેળવ્યા છે, ત્યારે અરવલ્લી જીલ્લાના ભાજપના સક્રિય કાર્યકર અને વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર પ્રસાર વિભાગમાં મહત્વની જવાબદારી નિભાવનાર બાયડ તાલુકાના સાઠંબા ગામના જયેન્દ્ર રાવલની અટકાયત કરી અજાણ્યા સ્થળે લઈ જવામાં આવતા પ્રદેશ ભાજપમાં અને જીલ્લા ભાજપમાં ભુકંપ સર્જાયો છે. જીલ્લા ભાજપ તાત્કાલિક પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી સંતોષ માન્યો હતો. બાયડ તાલુકાના રમોસ ગામના પ્રિતેશ પટેલ નામનો યુવાન પણ લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં સંડોવણી બહાર આવતા પોલીસે વહેલી સવારે ત્રણ વાગે દબોચી લીધો હતો. બાયડ તાલુકના ત્રણ શખ્સોની અત્યારસુધી ધરપકડ બાદ અન્ય કેટલાય શખ્સોનું નામ બહાર આવવાની શક્યતાઓ રહેલી છે. બીજી બાજુ પ્રિતેશે પેપર ખરીદવાના આરોપ હેઠળ લઈ જવાયો હોવાની શંકા પરિવારજનોએ દર્શાવી હતી.

ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે રવિવારે સાંજે સાઠંબા ગામમાં ત્રણ જુદી જુદી ખાનગી ગાડીઓમાં પહોંચી અલગ અલગ વિસ્તારમાં ડેરા તાણી જયેન્દ્ર રાવલની ગુપ્ત રહે તપાસ હાથ ધરી હતી. જયેન્દ્ર રાવલ પરિવારના કામકાજ અર્થે ધનસુરા હોવાથી છટકી ન જાય તે માટે તેના મિત્ર અને પરિવાર પાસે ફોન કરાવી યુક્તિપૂર્વક સાઠંબા બોલાવી દબોચી લીધો હતો, ત્યારબાદ અલગ-અલગ જગ્યા તપાસ માટે લઈ જવામાં આવ્યા બાદ સોમવારે વહેલી સવારે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ઓફિસમાં લઈ જવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. ભાજપના વધુ એક સક્રિય કાર્યકર અને ભાજપના નેતાઓ સાથે ઘરાબો ધરાવતા જયેન્દ્ર રાવલની ભૂંડી ભૂમિકા હોવાની બહાર આવતા જીલ્લા ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓમાં ભારે સોપો પડી ગયો છે. જીલ્લામાં લોકરક્ષક દળમાં પકડાયેલા લોકો ફક્ત પ્યાદા હોવાની અને વજીર અને રાજાને બચાવવા આગળ ધરી દીધા હોવાની ચર્ચા એ જોર પકડ્યું છે.

સાબરકાંઠા ઈન્ટેલિજન્સ બ્યૂરોને પેપર લીક થયાની આગોતરી જાણ હતી..!! ની ચર્ચા

લોકરક્ષક ભરતીનું પેપર લીક થતાં ખુદ પોલીસની આબરૂના પણ ધજાગરા ઉડયા છે. સાબરકાંઠા ઈન્ટેલિજન્સ બ્યૂરોને પેપર લીક થયાની જાણ શનિવારે કરવામાં આવી હતી પરંતુ બાતમી ખોટી પડે તો ઉચ્ચ અધિકારીઓ પોતાના ઉપર ખફા થઈ જશે તેવા ડરથી મામલો દબાવી દીધો હતો. પોલીસ કોન્સ્ટેબલની ભરતીની તારીખ જાહેર થતાં દલાલો સક્રિય બની ગયા હતા. જ્યારે રાજ્યમાં ૯ હજારથી વધુ લોકરક્ષકની ભરતી કરવાની હતી અને તેમાં ૮.૭૫ લાખથી વધુ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા જેથી પ્રશ્નપત્ર લીક ન થાય તો જ નવાઈ..!! રાજ્યના લુણાવાડા, મોડાસા, હિંમતનગર, પાલનપુરમાં દલાલોએ રૂ.૩ થી ૭ લાખના ભાવથી પેપર આપી દેવાની શરૂઆત કરી હતી અને ઉમેદવાર પ્રેક્ટિકલની પરીક્ષા પાસ કરવાની ક્ષમતા ધરાવતો હોય તો જ પેપર ખરીદવા માટે જણાવાયું હતું જેથી આવા દલાલો પાસેથી અનેક ગરજવાન ઉમેદવારોએ રૂ.૩ થી ૫ લાખ આપી પેપર ખરીદ્યું હતું.

તસવીર : વિનોદ રામી

મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે લોકરક્ષકની પરીક્ષાના પેપર થયેલ લીક મામ લેગરીબ વિદ્યાર્થીઓનો પડેલી અગવડો રાજ્યની ભાજપ સરકારની નિષ્ફળતાના વિરોધમાં મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબારની આગેવાની હેઠળ જિલ્લા કલેક્ટર ઓફિસે ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર અર્પણ કર્યુ હતુ તે પ્રસંગની તસવીરમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને મિડીયા સેલના કન્વીનર જયદીપસિંહ ડાભી સહિત અનેક અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં તાલુકામથકે મામલતદારને ભાજપ સરકારના વિરોધમાં આવેદનપત્ર અપાયુ હતુ.

મોડાસામાં રવિવારે શ્રી એકલિંગજી પ્રગતિ મંડળ દ્વારા સ્નેહ મિલન સમારોહ

મોડાસા, તા. ૪

સમારંભના અધ્યક્ષ ડો.યોગેશભાઈ ઉપાધ્યાય અખિલ હિંદ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના ટ્રસ્ટી, મુખ્ય મહેમાન યક્ષેશભાઈ દવે, સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષાના કન્વિનર, અતિથિ વિશેષ કમલેશભાઈ વ્યાસ, સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષાના મુખ્ય સંગઠક તરીકે હાજરી આપી જેમાં તેજસ્વી તારલાઓનુ સન્માન, વેશભુષા,ગીત સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજાયા હતા. મ્યુઝીકલ પાર્ટી તેમજ ભોજનનો આનંદ લીધો હતો. મંડળના પ્રમુખ પ્રશાંતભાઈ જોષી, ઉપપ્રમુખ પ્રગનેશભાઈ ત્રિવેદી, મંત્રી યોગેશભાઈ ઉપાધ્યાય, સહમંત્રી ભદેશભાઈ ઉપાધ્યાય, ખજાનચી: ધર્મેન્દ્ર ભાઈ ત્રિવેદી, મહામંત્રી પ્રશાંતભાઈ ઉપાધ્યાય તેમજ મહિલા પાંખની બહેનોપ્રમુખ રક્ષાબેન જોષી, ઉપપ્રમુખ અલ્પાબેન પંડ્યા, મંત્રી રાગીણીબેન, સાંસ્કૃતિક મંત્રી જવનિકાબેન ત્રિવેદી પ્રવાસન મંત્રી ભાવિકાબેન જોષી તેમજ કારોબારી સભ્યો એ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

મનહર પટેલે પોલીસતંત્રના વહીવટદાર સાથે ૨૮ નવેમ્બરે

સાઠંબા પોલીસ સ્ટેશનમાં ગુપ્ત બેઠક કરી હોવાની ચર્ચા

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લામાં લોકરક્ષક દળ પરીક્ષા પેપર લીક કૌભાંડના મુખ્ય આરોપી અને ટાટ પરીક્ષા પેપરલીક કૌભાંડમાં શકમંદ એવા મનહર પટેલે પરીક્ષાના ૪ દિવસ અગાઉ સાઠંબા પોલીસ સ્ટેશનમાં પોલીસતંત્રના વહીવટદાર અથવા ઉચ્ચ કક્ષાના અધિકારી સાથે ૨૮ નવરમ્બરે સાંજના ૫ થી ૭ વાગ્યા દરમિયાન ગુપ્ત બેઠક યોજી હોવાની ચર્ચા ટોક ઓફ ધી જીલ્લો બની છે. હાલ ગાંધીનગર પોલીસ કસ્ટડીમાં રહેલા મનહર પટેલની આ બાબતે પૂછપરછ કરવામાં આવે તો પોલીસતંત્રના મોટા માથાઓના નામ બહાર આવવાની સંભાવનાઓ રહેલી છે.

લોકરક્ષક દળ પરીક્ષાના પેપર લીક કૌભાંડના આરોપી બાયડના અરજણવાવ ગામના ભાજપના અગ્રણી કાર્યકર મનહર પટેલ ૨૮ નવેમ્બરે સાંજના ૫ થી ૭ વાગ્યાના સમયગાળા દરમિયાન પોલીસતંત્રના કહેવાતા વહીવટદાર સાથે સાઠંબા પોલીસ

તસવીર : મેહુલ જોષી

સ્ટેશનમાં પહોંચ્યો હતો અને ૩૦ થી ૪૫ મિનિટ સુધી પોલીસ સ્ટેશનમાં ગુપ્ત બેઠક કરી વિદાય લીધી હતી. સાઠંબા પોલીસ સ્ટેશનના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તો સમગ્ર કરતૂતનો પર્દાફાશ થાય તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. સાઠંબા પોલીસ સ્ટેશન અથવા આજુબાજુની દુકાનોના સીસીટીવી કેમેરા પણ બંને લોકો પોલીસ સ્ટેશનમાં બેઠક યોજી હોવાના પુરાવા મળી રહે તેવું ગ્રામજનો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

લોકરક્ષક દળના પેપરલીક કૌભાંડમાં ખુદ પોલીસતંત્રના કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ તેમના પરિવારજનો અને સગા-સંબંધીઓને નોકરી લગાડવા કૌભાંડીઓના શરણે પહોંચ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે.

અરવલ્લી જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલે બાયડની

વૃંદાવન હોટલમાં બેઠક યોજી હોવાનો સોશ્યલ મીડિયામાં ઘટસ્ફોટ

મોડાસા, તા. ૪

લોકરક્ષક દળની ભરતીની પરીક્ષાના પેપર લીક થવાના મામલે પોલીસ દ્વારા જે આરોપીઓ સામે ફરિયાદ થઈ છે અને જે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તેમના એક આરોપી મનહર પટેલ કે જેઓ અરવલ્લીના બાયડ પાસે આવેલ અરજણવાવ ગામના રહીશ છે જેમની આ લીક થયેલ પેપરની જવાબવાહી લઈ ગાંધીનગર સુધી તેમના માણસ જયેશ દ્વારા પહોંચાડવાની ભૂમિકા રહેલ છે. આ આરોપી મનહર પટેલ બાબતે તેમના ગામથી બે કિલોમીટર દૂર આવેલા ડેમાઈ ગામના વતની અને અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્ય અને પૂર્વ ઉપપ્રમુખ કીર્તિ પટેલે મહત્વનો ઘટસ્ફોટ કરી જણાવ્યું હતું કે મનહર પટેલને કેટલાક વર્ષોથી પરિચિત છું. આ મનહર પટેલે લોકરક્ષક દળની પરીક્ષાના બે ત્રણ દિવસ અગાઉ બાયડ પાસે આવેલ વૃંદાવન હોટલમાં રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં મળ્યા હતા.

મનહર પટેલ સાથે પોલીસ વિભાગના અધિકારી ગઢવી પણ હતા. આ પોલીસ અધિકારી અને મનહર પટેલની મુલાકાત બાદ ત્રણ દિવસમાં લોકરક્ષક દળની પરીક્ષાના પેપરલીકમાં મનહર પટેલની આરોપી તરીકે ધરપકડ થઈ ત્યારે કીર્તિ પટેલને આ ઈસમ પર શંકા ગઈ કે આ પેપરલીકની ઘટના અગાઉ મનહર પટેલની પોલીસ અધિકારી એસ.એસ. ગઢવી સાથે મુલાકાત આજ બાબતે થઈ હોવી જોઈએ એવી શંકા પ્રબળ બની ત્યારે આ પોલીસ અધિકારી સાથે મનહર પટેલને શુ સબંધ હશે કયા કારણોસર અડધી રાત્રે બાયડથી ૩ કિલોમીટર દૂર આવવું પડ્યું હશે એવા અનેક બાબતો શંકા ઉપજાવે એવી હોવાનું કીર્તિ પટેલે પોતાના ફેસબુક એકાઉન્ટમાં એક પોસ્ટમાં જણાવ્યું છે અને આ પરીક્ષા આપનાર ૯ લાખ વિદ્યાર્થીઓના હિતમાં કીર્તિ પટેલે પોતાના એફબી એકાઉન્ટમાં પોસ્ટ મૂકી છે અને જો સરકાર કહેશે તો પોતે ફરિયાદી બનવા કે પંચ કે સાક્ષી તરીકે પણ રહેવાની સ્પષ્ટતા પોસ્ટમાં કરી છે અને જે હોટેલમાં રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં મનહર પટેલ અને પોલિસ અધિકારી ગઢવીની મુલાકાત થઈ હતી. તેના સીસીટીવી પણ ચેક કરવાની કીર્તિ પટેલે પોતાના એફબી એકાઉન્ટમાં લખેલ પોસ્ટમાં માંગ કરી છે.

સાબરકાંઠામાં આજથી પોસ્ટ પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ કરાયું

હિંમતનગર, તા. ૪

મીનીસ્ટ્રી ઓફ એકસટ્રનલ અફેર એન્ડ ડીપાર્ટમેન્ટ પોસ્ટના સંયુકત ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાની મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ પોસ્ટ ઓફિસમાં મંગળવારે સાબરકાંઠા-અરવલ્લીના સાસંદ દિપસિંહ રાઠોડના હસ્તે પોસ્ટ ઓફીસ પાસપોર્ટ સેવા કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

સેવા કેન્દ્રને ખુલ્લુ મુકતા સાસંદ દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, પાસપોર્ટ માટે રાહ જોતા સાબરકાંઠા જિલ્લાવાસીઓ માટે આ એક આનંદની વાત છે. જિલ્લાની મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતેથી જ પાસપોર્ટની અરજી કરીને મેળવી શકાશે. જેથી અમદાવાદ જવાથી જે નાણાકીય અને સમયનો વ્યય થતો હતો તેમાં જિલ્લાવાસીઓને રાહત થશે.

મોડાસાની સરસ્વતી વિદ્યાલય, પ્રદેશમાં વિજેતા

મોડાસા, તા. ૪

તાજેતરમાં ઉત્તર ગુજરાત પ્રદેશની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા પાટણ મુકામે યોજાયેલ હતી. સરસ્વતી વિદ્યાલય, મોડાસાની ટીમે અરવલ્લી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ધમાકેદાર રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓ અને સાથી કલાકારો દ્વારા કરાયેલ લોકનૃત્યના અદ્‌ભૂત પ્રદર્શનના કારણે સરસ્વતી વિદ્યાલય સમગ્ર પ્રદેશમાં બીજા નંબરે વિજેતા થઈ હતી. કલાકાર દીકરીઓ તથા સાથી કલાકારો ધર્મેશ ભાવસાર, મેહુલ બારોટ, નીતાબેન ત્રિવેદીએ ખૂબ જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય ડૉ. જિજ્ઞેશભાઈ સુથાર, વિનોદભાઈ પટેલ તથા ઉમા કેળવણી મંડળના મોહનભાઈ, આર.કે. પટેલ, રણછોડભાઈ તથા શાળા પરિવારે સૌને અભિનંદન પાઠવેલ હતા.

વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજુઆત

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી પંથકની વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તાર હસ્તકના ગ્રામ્યવિસ્તારોના પ્રાણ પ્રશ્નો સંદર્ભે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિત રજુઆત સરંપચ ઈન્દુબેન તબીયાર ધ્વારા કરવામાં આવી છે.વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત વિસ્તારના પ્રાણ પ્રશ્નો સંદર્ભે વારંવાર રજુઆતો કરવા છતાં યોગ્ય નિકાલ કેમ આવતો નથી તેમ જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું. કમઠાડીયા ગામને રેવન્યું વિલેઝનો દરજ્જો વર્ષ-૨૦૧૧ થી રાજ્ય સરકાર ધ્વારા જાહેર કર્યો છે પરંતુ મહેસુલી દરજ્જો આજ દિન સુધીમાં મળ્યો નથી ત્યારે અલગથી કોડ આપવામાં આવેલ નથી તેમ જણાવ્યું હતું. ઉપલા કમઠાડીયાથી મઠ કમઠાડીયા વિસ્તારના માર્ગ ઉપરથી હાથમતી નદી પસાર થાય છે. ચોમાસા દરમ્યાન હાથમતી નદીમાં વરસાદી પાણીના ઘોડાપુર આવતા હોવાથી ગામડાઓ સંપર્ક વિહોણા થઈ જાય છે ત્યારે છેલ્લા ૭ મહિનાથી વાહન વ્યવહાર અને અવર જવર માટેનો રસ્તો બંધ હાલતમાં છે ત્યારે પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. કમઠાડીયા ગામ પાસેથી પસાર થઈ રહેલ હાથમતી નદી ઉપર બ્રીજ બનાવવાની તાતી જરૂરીયાત છે.માંકરોડા ગામમાં જ્યોતિગ્રામ યોજના કાર્યરત હોવા છતાં પુરતો વીજ પુરવઠો મળતો નથી ત્યારે યુ. જી.વી.સી.એલ.ના અધિકારીઓ ધ્વારા સર્વે હાથ ધર્યો હતો પરંતુ વીજ પુરવઠો પુરો પાડવા અંગેની કાર્યવાહી કરાતી નથી તેમ જણાવ્યું હતું.વિરપુર માર્ગ ઉપર આવેલ નવી વસવાટ-કમઠાડીયા માર્ગ ઉપર ડામર કામ કરવાની સત્વરે તાતી જરૂરીયાત છે. વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ ઈન્દુબેન ભાવિનભાઈ તબીયારએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિત રજુઆત ધ્વારા જણાવ્યું હતું કે વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત હસ્તકના ગામડાઓના પ્રાણ પ્રશ્નો સંદર્ભે સત્વરે નિકાલ કરવા સારૂ રજુઆત કરેલ છે તેમ જણાવ્યું હતું.

તસવીર : જીત ત્રિવેદી

મોડાસામાં વિશ્વ વિકલાંગ (દિવ્યાંગ) દિવસની ઉજવણી

સમગ્ર વિશ્વમાં ૩ ડિસેમ્બરે વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે આવેલા બી.આર.સી. ભવનમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ બાળકો ઉપસ્થિત રહ્યા હતા જેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રમત-ગમત ક્ષેત્રે તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતો દેખાવ કરનાર વિદ્યાર્થીઓનો સન્માનિત કરાયા હતા. ખેલમહાકુંભની વિવિધ રમતોમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા હતા. સર્વ શિક્ષા દ્વારા આયોજિત કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી તેમજ સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓ સહિત વાલીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગોને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે પ્રકારની કામગીરી કરવા તેમજ સરકારી યોજનાઓ કેવી રીતે મળી રહે તે માર્ગદર્શન પણ તાલુકા વિકાસ અધિકારીએ આપ્યું હતું.

ખેડબ્રહ્માના ઉંચી ધનાલ ગામે છ દિવસથી પાણી ન મળતાં ગ્રામજનો ભારે હાલાકીમાં

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના ઊંચી ધનાલ ગામે પીવાનું પાણી છ છ દિવસ ન મળતાં ગ્રામજનોને તરસે મરવાનો વારો આવ્યો છે. ખેડબ્રહ્મા તાલુકામાં ધરોઈ ડેમને અડીને આવેલું ગામ ઊંચી ધનાલ જ્યાં આજે પણ લોકો પીવાના પાણી માટે પ્રજા વલખા મારે છે. જેમણે જેમણે પોતાના કાળજાના કટકા જેવી જમીન ધરોઈ ડેમ બાંધવા માટે પટમા જતી કરી છે. ગ્રામજનોને પોતાની જમીનની મોટી આહુતિ આપી છે જ્યારે દેશ આઝાદ થયો ત્યારથી આ ગામમાં પાણીની સુવીધાથી વંચિત છે. તાલુકા લેવલે મોટી વસ્તી ધરાવતું આ ગામ છે જ્યાં મોટાં ભાગના પરિવાર ખેતી અને દુધાળા ઢોરો પર નભે છે આજે આ ગામની પ્રજાને છ છ દિવસ પાણી મળતું નથી અને જે ગામ ધરોઈ ડેમથી બીલકુલ નજીક છેવાડે અડીને આવેલું છે. કહેવાય છે કે દિવા તળે અંધારું એ કથા અહીંયા સાર્થક થતી દેખાઈ રહી છે.

આ બાબતે પાણી પુરવઠા અધિકારીને પુછતાં એમણે એવું જણાવ્યું કે હાલમાં જુથ યોજનાનું પાણી આપીએ છીએ અને હાલમાં વરસાદ ઓછો થયો છે તેને લઈને કુવાના તળ નીચાં ગયેલ છે અને ગામમાં આવેલ કૂવો જેમાં ગારણ કાઢી સાફ કરાવીને પુરતું રેગ્યુલર પાણી મળશે તેવું જણાવ્યું હતું.

પ્રાંતિજ ખાતે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ બી.આર.સી ભવન ખાતે દિવ્યાંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દિવ્યાંગ બાળકોને ઉપસ્થિત મહેમાનો દ્વારા સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ બી.આર.સી ભવન ખાતે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં બીઆરસી, સીઆરસી અને આઈઈડી સ્ટાફ દ્વારા દિવ્યાંગ બાળકો માટે સ્વેટરની ખરીદી કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય, પોગલુ મંદિર મહંત સુનીલદાસજી, જીલ્લા કો.ઓર્ડિનેટર કિર્તિસિંહ ચૌહાણ, બી.આર.સી જીગ્નેશભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટર ધવલભાઈ રાવલ, એડવોકેટ જમનાદાસભાઈ વગેરે ઉપસ્થિત રહીને દિવ્યાંગ બાળકોને સ્વેટરોનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

ભિલોડા ખાતે ઉત્તર ગુજરાત પ્રદેશ કક્ષાનો યુવા ઉત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલય પટ્ટાંગણમાં યુવા પ્રતિભાશોધ મહોત્સવ દબદબાભેર યોજાયો હતો.૫૧મો ઉત્તર ગુજરાત પ્રદેશ કક્ષાનો યુવા ઉત્સવ ધામધુમ પુર્વક યોજાયો હતો. ગતિશીલ ગુજરાત રાજ્યમાં સાંસ્કૃતિક વાતાવરણ સર્જતો યુવા પ્રતિભાશોધ મહોત્સવ ભવ્ય સંસ્કૃતિ, સંસ્કારો, લોક વારસાની ઝાંખી કરાવતો યુવા ઉત્સવને નિહાળવા અને માણવા અને અવનવા કલાકારોને પ્રોત્સાહિત કરવા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ કલાકારો ધ્વારા વિવિધ પ્રકારની અવનવી કૃતિઓ રજુ કરાઈ હતી. દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

હિંમતનગરમાં મહારોગ નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૪

વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી અંતર્ગત સોમવારે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થામાં ઉજવણી અંતર્ગત મફત રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં અંદાજે ૫૮૦થી વધુ જરૂરીયાતમંદોએ ઉપસ્થિત રહીને વિનામુલ્યે સારવાર લીધી હતી.

આ અંગે બાળકોની સંસ્થા વતી જણાવાયા મુજબ સોમવારે યોજાયેલા આ રોગ નિદાન કેમ્પમાં મોટેભાગે ચામડીના રોગોથી પિડાતા લોકોએ નિષ્ણાત તબિબ પાસે સલાહ લઈને તેનુ નિદાન કરાવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે યોજાતા આવા નિદાન કેમ્પોમાં સરેરાશ ૨૦૦થી વધુ જરૂરીયાતમંદો લાભ લેતા હોય છે. પરંતુ જયારે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થામાં આવીને ૫૮૦ કરતા વધુ જરૂરીયાતમંદોએ જે લાભ લીધો હતો જેમાં દૂર દૂરના સ્થળેથી આવેલા જરૂરીયાતમંદોએ દાંત, સગર્ભા, બાળકો તથા અન્ય રોગથી પિડાતા લોકોએ હાજર રહી મફત નિદાન કરાવ્યુ હતુ.